અપીલ અરજી નં.૮૯ તા.૨–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ઓધવજીભાઈ હરીભાઈ ઢેઢી

સામાવાળાઃ– ઝોનલચીફ અને અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઓધવજીભાઈ હરીભાઈ ઢેઢીની તા.૨૬–૫–૦૯ ની અરજીથી રે.સ.નં.૪૯ બ્લોક નં.૮૦ વાળી નાના વરાછા નવી શરતની જમીનમાં કુલ પ્લોટ કેટલા છે અને તેમાંથી કેટલાનું બાંધકામ થયું છે અને કેટલા બાકી છે તેની માહિતી, પ્લોટ નં.૪૪/એ,૫૦/બી, ૫૧/એ, ૫૭/એ,૭૨/એ માં બાંધકામની મનાઈ ફરમાવેલ હોય તો તેમાં ત્યાર બાદ બાંધકામ થયેલ છે કે નહીં વિગતવાર માહિતી, હાલમાં તપાસ કરતાં મનાઈ હુકમ છતાં મેઈન રોડ ઉપર એક મકાન બને છે અને અંદરની સાઈડ કોર્નરમાં બે મકાનનું બાંધકામ ચાલુ છે તો તેને અટકાવવામાં કેમ આવતું નથી? તેના ઉપર પગલા લેવાની જવાબદારી જે અધિકારીની હોય તેના હોદ્દા સહિતની માહિતી આપવા બાબત, મનાઈ હુકમ હોય છતાં પ્લોટ હોલ્ડરો બાંધકામ કરે તો તેની ફરીયાદ કયા અધિકારીને કરી શકાય? તેની માહિતી, ભગવાનનગર નામની સોસાયટીનો નકશો જોતાં ઋષિકેશ બિલ્ડીંગ એ માં આવતી હોય તેમ લાગતું હોવાથી તેની માહિતી તેમજ ઋષિકેશ બિલ્ડીંગના પાછળના ભાગની થયેલ એન.એ.ની કાર્યવાહીની ફાઈલ ઈન્સ્પેકશનમાં આપવા વિનંતી,વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૭–'૦૯ ની અપીલ અરજી નં.૮૯/૨૦૦૯–૧૦

શ્રી ઓધવજીભાઈ હરીભાઈ ઢેઢીની તા.૨૬–૫–૦૯ ની અરજીથી રે.સ.નં.૪૯ બ્લોક નં.૮૦ વાળી નાના વરાછા નવી શરતની જમીનમાં કુલ પ્લોટ કેટલા છે અને તેમાંથી કેટલાનું બાંધકામ થયું છે અને કેટલા બાકી છે તેની માહિતી, પ્લોટ નં.૪૪/એ,૫૦/બી,૫૧/એ,૫૭/એ,૭૨/એ માં બાંધકામની મનાઈ ફરમાવેલ હોય તો તેમાં ત્યાર બાદ બાંધકામ થયેલ છે કે નહીં વિગતવાર માહિતી, હાલમાં તપાસ કરતાં મનાઈ હુકમ છતાં મેઈન રોડ ઉપર એક મકાન બને છે અને અંદરની સાઈડ કોર્નરમાં બે મકાનનું બાંધકામ ચાલુ છે તો તેને અટકાવવામાં કેમ આવતું નથી, તેના ઉપર પગલા લેવાની જવાબદારી જે અધિકારીની હોય તેના હોદ્દા સહિતની માહિતી આપવા બાબત, મનાઈ હુકમ હોય છતાં પ્લોટ હોલ્ડરો બાંધકામ કરે તો તેની ફરીયાદ કયા અધિકારીને કરી શકાય તેની માહિતી, ભગવાનનગર નામની સોસાયટીનો નકશો જોતાં ઋષિકેશ બિલ્ડીંગ 'એ' માં આવતી હોય તેમ લાગતું હોવાથી તેની માહિતી તેમજ ઋષિકેશ બિલ્ડીંગના પાછળના ભાગની થયેલ એન.એ.ની કાર્યવાહીની ફાઈલ ઈન્સ્પેકશનમાં આપવા વિનંતી,વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે અધૂરી અને અસ્પષ્ટ માહિતી આપ્યાનું હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૬૨ તા.૯–૭–૦૯થી ઝોનલચીફ અને અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અરજીમાં નિર્દિષ્ટ કરેલ ચાર મુદ્દા પૈકી કયા મુદ્દા અંગે શાના આધારે નારાજગી છે જે બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૭ તા.૨૦–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જયારે વરાછાઝોન તરફથી બાંધકામ બંધ કરવા અંગેની નં.પૂર્વઝોન/ટીડી/૪૧૫૧ તા.૧૦–૨–૦૫ ની નકલ, તથા નં.પૂર્વઝોન/ટીડી/૮૦૪ તા.૪–૮–૦૮ ની નકલ તેમજ નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૩૩ તા.૨૧–૮–૦૮ ના રોજ અરજદારને આપેલ માહિતીની નકલ અને નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૭ તા.૧૧–૬–૦૯ થી અરજદારને આપેલ માહિતીની નકલ રજૂ કરેલ છે.જયારે અરજદાર તરફથી તા.૧૬–૭–૦૯ ના રોજ પૂરક માહિતીમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ નકલો રજૂ કરી મુદ્દા નં.૧ અંગે કેટલા પ્લોટનું બાંધકામ થયું અને કેટલા પ્લોટ બાકી છે તેની માહિતી બાબતે મુદ્દા નં.૨ અંગે મનાઈ હુકમ બાદ ઝોન ધ્વારા કયા કાયદેસર અને ગંભીર પગલા લેવામાં આવ્યા તેની માહિતી મુદ્દા નં.૩ માં વરાછાઝોન ઉપર કયા અધિકારીને ફરીયાદ કરી શકાય તેની સ્પષ્ટ માહિતી, મુદ્દા નં.૪ બ્લોક નં.૮૦ વાળી ભગવાનનગર સોસાયટીમાં ઋશીકેશ બિલ્ડીંગ બનાવેલ છે તેની ફાઈલનું ઈન્સ્પેકશન માંગવામાં આવેલ. જેનો એન. એ પ્લાન માંગવામાં આવેલ જે કલેકટરશ્રીને ટ્રાન્સફર કરતાં અપીલ કરવાની ફરજ પડેલ છે તેવી રજૂઆત કરેલ છે.

અરજદારની તા.૨૬–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ નાના વરાછા બ્લોક નં.૮૦ નવી શરતની જમીનમાં કુલ કેટલા પ્લોટ છે તેમાંથી કેટલા પ્લોટનું બાંધકામ થયું અને કેટલા પ્લોટનું બાકી છે તેની માહિતી અં ગે ટીપી સ્કીમ નં.૩૮ નાના વરાછા ફા.પ્લોટ નં.૪૨/એ,બી બ્લોક નં.૮૦ રે.સ. નં.૪૦ માં આવેલ ભગવાનગરના લે આઉટ પ્લાન નં.ટીડીઅલ/૩૮ તા.૩–૫–૦૨ થી મંજુર કરવામાં આવેલ છે મંજુર પ્લાન મુજબ કુલ ૨૧૫ પ્લોટ છે જયારે કેટલા પ્લોટમાં બાંધકામ થયેલ છે તે અંગે અત્રે કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી તેવું જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે કેટલામાં બાંધકામ થયું અને કેટલામાં બાંધકામ બાકી છે તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં .૨ અંગે સદર સોસાયટીમાં પ્લોટ નં.૫૭,૭૨,૫૧,૪૪ અને ૫૦ માં બાંધકામની મનાઈ ફરમાવેલ છે તો તેમાં ત્યાર બાદ બાંધકામ થયેલ છે કે નહી? તેની માહિતી બાબતે પણ માંગેલ માહિતી અંગે કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામાં ડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ ધ્યાને લેતાં મુદ્દા નં.૧ અંગે ઉપલબ્ધ માહિતી

અરજદારને પૂરીપાડવામાં આવેલ જણાય છે. મુદ્દા નં.૩ હાલમાં ત્યાં તપાસ કરતાં જાણવામાં આવેલ છે કે મનાઈ હુકમ છતાં મેઈન રોડ પર એક મકાન બને છે અને અંદરની સાઈડ કોર્નરમાં બે મકાનનું બાંધકામ ચાલુ છે તો તે અટકાવવામાં કેમ આવતું નથી. અને તેના પર પગલા લેવાની જવાબદારી જે તે અધિકારીની હોય તેની માહિતી હોદ્દા સહિત લેખિતમાં આપવા વિનંતી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના પત્ર નં.પૂર્વઝોન/ટીડી/૧૬૮ તા.૨૯–૫–૦૯ થી ઓર્ગેનાઈઝર આર્કીટેકટને નોટીસ પાઠવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ આપનો મનાઈ હુકમ હોવા છતાં જો પ્લોટ હોલ્ડરો બાંધકામ કરેલ પરંતુ પગલાની જવાબદારી જે માહિતી અધિકારીની હોય તે હોદ્દા સહિતની માહિતી આપવામાં આવેલ નથી. જો પ્લોટ હોલ્ડરો બાંધકામ કરે તો તેની ફરીયાદ કોને કરી શકાય જે અંગે મે.કલેકટરશ્રીના મનાઈ હુકમ મુજબ સર્કલ ઓફિસરશ્રી કતારગામ, સુરત, નાયબ કલેકટરશ્રી ચોર્યાસી પ્રાંત, મામલતદારશ્રી, સુરત, તલાટી–કમ– મંત્રી નાના વરાછાને રજૂઆત કરી શકાય તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ છે. જે અંગે અરજદારે સ્પષ્ટ માહિતી આપેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ તે અંગે કોઈ આધાર અપીલ તબકકે પણ રજૂ કરેલ નથી. મુદ્દા નં.૫ ભગવાનનગર નામની સોસાયટીનો નકશો જોતાં ૠષીકેશ બિલ્ડીંગ તેમાં આવતી હોય તેમ લાગતુ હોવાથી તેની માહિતી તેમજ ૠષીકેશ બિલ્ડીંગના પાછળના ભાગની થયેલ એન એ. કાર્યવાહીની ફાઈલ ઈન્સ્પેકશનમાં આપવા બાબત જે અંગે પ્રશ્ન કલ ેકટરશ્રીને સ્પર્શતો હોય જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૬ તા.૧૦–૬–૦૯ થી કલ ેકટરશ્રીને તબદીલ કરેલ છે. જે અંગે અરજદારે એન.એ. ના પ્લાન અંગે સુરત મહાનગરપાલિકાના ઈન્સ્પેકશન અંગે માંગણી કરેલ છે. જે અંગે બાબતે જાહેર સત્તા મંડળને કાયદાની કલમ–૬(૩) અનુસાર તબદીલ કરવાની રહે છે તે મુજબ કલ ેકટરશ્રીને તબદીલ કરેલ છે. જે અંગે અરજદારની રજૂઆત કાયદા સાથે સુસંગત નથી. પરંતુ મુદ્દા નં.૨ અંગે ઈસ્ટઝોન ખાતેથી અપાયેલ તા.૧૦–૨–૦૫ ના તથા તા.૪–૮–૦૮ ની નોટીસો જોતાં જાહેર માહિતી અધિકારીનો માહિતી પ્રત્યુત્તર " રેકર્ડ ઉપલબ્ધ નથી" તેમના દફતર સાથે સુસંગત જણાતો નથી. મુદ્દા નં.૩ અંગે અટકાવવામાં કેમ આવતું નથી? તે અંગે તથા પગલા લેવાની જવાબદારી હોય તે અધિકારીઓની વિગતો આપેલ નથી. જવાબદાર અધિકારીઓની વિગતોની માહિતી આરટીઆઈ એકટની કલમ–૪(૧)(બી) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ સમાવિષ્ટ થાય છે. મુદ્દા નં.૪ મનાઈ હુકમ છતાં તેવું સ્પષ્ટ હોવા છતાં જાહેર માહિતી અધિકારીએ મનાઈ હુકમના અનુસંધાને અધિકારીઓની વિગત આપેલ જણાતી નથી. જયારે મુદ્દા નં.૫ અંગે અરજદાર સ્પષ્ટ નથી છતાં ભગવાનનગર નામની સોસાયટીના નકશામાં ૠષિકેશ સોસાયટીના પાછલા ભાગના સમાવેશની માહિતી પૂરી પાડેલ જણાતી નથી. એન. એ ફાઈલના ઈન્સ્પેકશનની માંગણી અંગે કલમ–૬(૩) હેઠળની તબદીલી યોગ્ય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે નહીં પૂરી પાડેલ મુદ્દા નં. ૨ થી ૫ ની ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ –૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઓધવજીભાઈ હરીભાઈ ઢેઢી,